ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત

# સ્પોર્ટ્સ લાઇન

## સ્પેનિશ લીગ : બેલિંગહામના શાનદાર પ્રદર્શનથી રિયલ મેડ્રિડની ત્રીજી જીત

**પ્રીમિયર** લીગમાં માન્ચેસ્ટર યુનાઇટેડ ઇપ્સેવિચને હરાવ્યું, સિરી-એમાં નાપોલી સામે કોમોનો વિજય



મેડ્રિડ, તા. 31 (AP) : જુડ બેલિંગહામના શાનદાર પ્રદર્શનની મદદથી સ્પેનિશ લીગમાં રિયલ મેડ્રિડે સતત ત્રીજી જીત નોંધાવી છે, જ્યારે પ્રીમિયર લીગમાં એક ગોલથી પાછળ રહ્યા પછી વાપસી કરીને માન્ચેસ્ટર યુનાઈટેડે ઈપ્સેવિચને હરાવ્યું હતું.

બેલિંગહામે એક ગોલ કર્યો અને બીજા ગોલમાં મદદ કરી હતી. આ ઉપરાંત કિલિયન એમ્બાપ્પે અને સબસ્ટિટ્યૂટ ખેલાડી અર્ડા ગુલરે પણ ગોલ નોંધાવ્યા હતા, જેના કારણે મેડ્રિડે 8 વર્ષ પછી લા લીગામાં વાપસી કરનાર માલાગા સામે 4-0થી આસાન જીત મેળવી હતી. લેફ્ટ બેક માર્ક કુકુરેલાએ ચેલ્સીથી મેડ્રિડ આવ્યા બાદ પોતાની પ્રથમ મેચમાં પ્રભાવશાળી પ્રદર્શન કર્યું હતું. પ્રીમિયર લીગમાં ચેલ્સીએ બ્રાઈટન સામે 4-3થી રોમાંચક જીત મેળવ્યા પછી બીજા મેચમાં બ્રુનો ફર્નાન્ડીઝની હેટ્રિકની મદદથી માન્ચેસ્ટર યુનાઈટેડે ઈપ્સવિચ સામે શરૂઆતી ઝાટકા બાદ વાપસી કરીને 5-2થી વિજય મેળવ્યો હતો.

અન્ય મેચોમાં, પિઅર-એમરિક ઓબામેયાંગના ગોલની મદદથી ડિપોર્ટિવો લા કોરુનાએ વેલેન્સિયાને 3-1થી હરાવીને ટોચની ડિવિઝનમાં વાપસી બાદ પોતાની પ્રથમ જીત નોંધાવી હતી. એથ્લેટિક બિલબાઓએ સેલ્ટા વિગો સામે 2-0થી જીત મેળવી હતી, જે સેલ્ટા વિગોની ઘરઆંગણે સતત બીજી હાર હતી. વેલેન્સિયા સામે 0-0 ડ્રોથી શરુઆત કર્યા બાદ સેલ્ટા આ સીઝનમાં લા લીગામાં હજુ સુધી એકપણ મેચ જીતી શક્યું નથી. બાર્સિલોના સોમવારે રેયો વાલેકાનો સામે રમશે. ચેમ્પિયન્સ લીગમાં ભાગ લેનારી ટીમો વચ્ચેની સિરી એ ની ટક્કરમાં કોમોએ નેપલ્સમાં નાપોલીને 2-1થી હરાવ્યું હતું.

## દુલીપ ટ્રોફી : સૂર્યવંશીના 92 રન છતાં, ઈસ્ટ ઝોન સરસાઈ લેવામાં નિષ્ફળ

**ઇસ્ટ** ઝોન અને સેન્ટ્રલ ઝોન બંને ટીમનો પ્રથમ દાવનો સ્કોર 266 રન

**વૈભવે** દુલીપ ટ્રોફીમાં સૌથી નાની વયે અર્ધસદીનો 57 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો



બેંગલુરુ, તા. 31 (પીટીઆઈ) : દુલીપ ટ્રોફી સેમિફાઈનલમાં આજે સોમવારે બીજા દિવસે યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ આક્રમક 92 રનની ઈનિંગ રમવા છતાં ઈસ્ટ ઝોન સેન્ટ્રલ ઝોન પર પ્રથમ ઈનિંગની લીડ મેળવવામાં નિષ્ફળ રહ્યું હતું. ઈસ્ટ ઝોન 266 રને ઓલઆઉટ થયું તેમાં ડાબોડી સ્પિનર હર્ષ દુબે (66 રનમાં ચાર વિકેટ) અને ઝડપી બોલર યશ ઠાકુર (66 રનમાં ત્રણ વિકેટ) અને આર્યન પાંડે (43 રનમાં ત્રણ વિકેટ)એ તમામ 10 વિકેટો વહેંચી હતી. સેન્ટ્રલ ઝોને પણ તેની પ્રથમ ઈનિંગમાં 266 રન બનાવ્યા હોવાથી બંને ટીમોનો પ્રથમ ઈનિંગનો સ્કોર સમાન રહ્યો હતો. દિવસની રમતના અંત સુધીમાં, સેન્ટ્રલ ઝોને ત્રણ વિકેટે 45 રન બનાવી લીધા હતા. સ્ટમ્પ સમયે અમન મોખડે (23) અને આર્યન પાંડે (4) ક્રીઝ પર હતા.

પંદર વર્ષીય સૂર્યવંશી દુલીપ ટ્રોફીમાં અડધી સદી ફટકારનાર સૌથી નાની ઉંમરનો બેટ્સમેન પણ બન્યો, અને તેણે 1969માં 16 વર્ષની ઉંમરે આ સિદ્ધિ હાંસલ કરવાના લક્ષ્મણ સિંહના રેકોર્ડને તોડ્યો હતો.

### તિલકની ઇનિંગથી સાઉથ ઝોનનું પ્રભુત્વ

બેંગલુરુ, તા. 31 : કેપ્ટન તિલક વર્માની ધૈર્યસભર નોટઆઉટ 106 રનની ઇનિંગના જોરે સાઉથ ઝોને આજે સોમવારે અહીં દુલીપ ટ્રોફી સેમી ફાઇનલમાં નોર્થ ઝોન સામે પ્રથમ ઇનિંગમાં 90 રનની મહત્વપૂર્ણ સરસાઇ મેળવી હતી. તિલકને શ્રેયસ ગોપાલ (87 રન)એ સારો સાથ આપ્યો અને આ જોડીએ છઠ્ઠી વિકેટ માટે 175 રન ઉમેર્યા અને ટીમનો સ્કોર નવ વિકેટે 285 રન સુધી પહોંચાડ્યો. નોર્થ ઝોનની ટીમ પ્રથમ ઇનિંગમાં 195 રનમાં ઓલઆઉટ થઇ ગઇ હતી. તિલકની સંયમિત બેટિંગનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેણે પોતાની ઇનિંગના 154મા બોલ પર પોતાની પહેલી બાઉન્ડ્રી ફટકારી હતી. રમતના અંતે તે 225 બોલમાં સાત ચોગ્ગા સાથે 106 રન બનાવીને નોટઆઉટ રહ્યો હતો.

## ફ્રેન્ચાઈઝીઓના પ્રતિભાવ બાદ IPL ઈમ્પેક્ટ પ્લેયર નિયમ પર પુનર્વિચાર કરશે

નવી દિલ્હી, તા. 31 : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) આગામી સીઝન પહેલા ઈમ્પેક્ટ પ્લેયર નિયમ સંબંધે તમામ 10 IPL ફ્રેન્ચાઈઝીઓ પાસેથી નવા પ્રતિસાદ માંગી રહ્યું છે. બીસીસીઆઈ સચિવ દેવજીત સૈકિયાએ કહ્યું હતું કે આઈપીએલ 2026 પછી બોર્ડ વિવાદાસ્પદ નિયમની સમીક્ષા કરશે તેના મહિનાઓ પછી આ પગલું લેવામાં આવ્યું છે.

અહેવાલ મુજબ, ક્રિકેટ કામગીરી પર વ્યાપક પ્રતિસાદ કવાયતના ભાગ રૂપે, ફ્રેન્ચાઈઝીઓને આજે સોમવાર સુધીમાં તેમના મંતવ્યો રજૂ કરવા કહેવામાં આવ્યું છે. BCCI PMOA, અમ્પાયરિંગ, પ્રેક્ટિસ સત્રો અને પ્લેઈંગ કન્ડીશન પર પણ ઈનપુટ્સ માંગી રહ્યું છે, પરંતુ ઈમ્પેક્ટ પ્લેયર નિયમ સૌથી મહત્વપૂર્ણ મુદ્દો રહે છે.

## હાર્દિક સહિત ત્રણ ઓલરાઉન્ડર ફિટ, બુમરાહ અંગે શંકા


**અફઘાનિસ્તાન** સામેની સીરિઝ માટે હાર્દિક, નીતિશ અને વોશિંગ્ટન પસંદગી માટે ઉપલબ્ધ

નવી દિલ્હી, તા. 31 : હાર્દિક પંડ્યા અફઘાનિસ્તાન સામેની ટી-20 સીરિઝ માટે ભારતીય ટીમમાં પાછા ફરવાની નજીક છે, અને ભારતના સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહની ફિટનેસ પર પણ નજર રાખવામાં આવી રહી છે. હાર્દિક પંડ્યા પાંચ મહિનાના વિરામ પછી રાષ્ટ્રીય ટીમમાં પાછા ફરવાની નજીક છે અને આવતા મહિને અફઘાનિસ્તાન સામેની ત્રણ મેચની સીરિઝ માટે પસંદગી માટે તૈયાર છે. હાર્દિક ઉપરાંત, નીતિશ કુમાર રેડ્ડી પણ પસંદગી માટે ફિટ છે, જ્યારે વોશિંગ્ટન સુંદર મંજૂરી મેળવવાની નજીક છે.

સીરિઝ પહેલા જસપ્રીત બુમરાહના વાપસી અંગે સસ્પેન્સ હજુ પણ યથાવત છે. ટીમની જાહેરાત થાય તે પહેલાં બુમરાહના વાપસી અંગે અનિશ્ચિતતા છે.











**ઓનલાઇન જાહેર નિવિદા - ૭૬ (૨૦૨૬-૨૭)**

પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, ગાંધીનગર (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)

અધિક્ષક ઈજનેરશ્રી, પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, ડી-૧ થી ડી-૧૨ સ્ટાફ ક્વાટર્સની પાસે, નવી સીવીલ હોસ્પિટલ કેમ્પસ, મજુરા ગેટ, સુરત-૩૯૫૦૦૧ ફોન નં (૦૨૬૧) ૨૨૩૫૪૨૩ અને ફેક્સ નં - (૦૨૬૧) ૨૨૩૩૬૯૭ દ્વારા યોગ્ય લાયકાત ધરાવતા ઈજારદારો પાસેથી ૦૨ (બે) કામ જેની અંદાજીત કિંમત રૂા.૩૨.૨૫ લાખ થી રૂા.૧૫૦.૪૩ લાખ ની છે. જે કામ ઓનલાઇન ઈ-ટેન્ડરીંગ પદ્ધતીથી ટેન્ડર માંગવામાં આવે છે. આ કામના ના ટેન્ડરનાં દસ્તાવેજો વેબ સાઈટ www.tender.nprocure.com ઉપર તા. ૧૬-૦૯-૨૦૨૬ ના ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. વધારાની વિગતો માટે ઉપર જણાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

નોંધ ૧ - ટેન્ડર ફી, ઈ.એમ.ડી. વિગેરે ઓરીજનલ ડોક્યુમેન્ટ, ઓનલાઈન સ્કેન કરી અપલોડ કરવાના અને ૭ (સાત) દિવસમાં આર.પી.એ.ડી. થી મોકલવાના રહેશે.

ક્રમાંક : માહિતી-સુરત/ ૫૪૧ /૨૦૨૬

!! જળ એ જીવન !!

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ઈ-ટેન્ડરીંગ નિવિદા નં.૦૮ સને ૨૦૨૬-૨૭ (સંપર્ક નં.૯૯૦૯૯૫૫૬૦૯) (પ્રથમ પ્રયત્ન)**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી આઈ.ડી.નં. ૩૪૦૩૫૧, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, આહવા દ્વારા માન્ય કેટેગરીમાં નોંધાયેલા કોન્ટ્રાક્ટરો પાસેથી જી.ડાંગ માટે નોટીફાઈડ એરિયા સાપુતારા નવાગામ અને સનરાઈઝ પોઈન્ટ માટે પીવાના પાણીની વ્યવસ્થા કરવા માટે કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ ગુ.પા.પુ ગ.અને ગ.વ્ય.બોર્ડ, જલભવન, સાપુતારા રોડ, આહવાની કચેરી દ્વારા ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવેલ છે.ઓનલાઈન ટેન્ડર ભરવાની છેવટની તા.૧૬/૦૯/૨૦૨૬, ૧૮.૦૦કલાક સુધી નિવિદા વિગતવાર વેબસાઈટ www.gwssb.org, www.gwssb.nprocure.com, https://tender.nprocure.com ઉપલબ્ધ છે.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે !!ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ!! નો હેલ્પલાઈન નંબર !!૧૯૧૬!!ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

ક્રમાંકઃ માહિતી/ડાંગ/૮૬/૨૦૨૬

**વન વિભાગ સુરત**

**ટેન્ડરની જાહેર નિવિદા**

**TENDER NOTICE NUMBER: DCFSUR/TENDER/08/2026-27**

આથી રસ ધરાવતા ઈજારદારોને જણાવવાનું કે, સુરત વન વિભાગ, સુરતના કાર્યક્ષેત્રમાં આવેલ ૭ (સાત) રેંજોનાં કાર્યવિસ્તારમાં જુદી જુદી યોજના તથા પ્રોજેક્ટો હેઠળ કરવાના થતા રૂા. ૫.૦૦ લાખથી નીચેના સિવિલ બાંધકામોની કામગીરી માટે ઈજારદારો પાસેથી ઓનલાઇન બીડ આ ટેન્ડરથી મંગાવવામાં આવે છે.

ઉપરોક્ત ટેન્ડર તારીખ ૦૧/૦૯/૨૦૨૬ થી તારીખ ૧૪/૦૯/૨૦૨૬ દરમિયાન https://tender.nprocure.com/ ની વેબસાઇટ ઉપર ઓનલાઈન ભરી શકાશે તથા સદરહુ ટેન્ડર દસ્તાવેજની કોપી નીચે જણાવેલ સરનામે દસ્તાવેજ સબમીશન તારીખ ૧૭/૦૯/૨૦૨૬ ના રોજ ૧૭:૪૫ કલાક સુધી ટેન્ડરના ભૌતિક દસ્તાવેજો તથા ડી.ડી. સહીતની કોપીનું સીલ બંધ કવર અત્રે R.P.A.D./ Speed Post થી મોકલવાના રહેશે અને કવર ઉપર ટેન્ડરની સંપુર્ણ વિગત, મોકલનારનું નામ અને સરનામું ખાસ લખવાનું રહેશે અને અધુરી કવરનોટ વાળા બીડરના કવરને ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

સરનામુંઃ નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી સુરત વન વિભાગ, સુરત
ગંગેશ્વર મહાદેવ મંદિર રોડ ડી-માર્ટની સામે
અડાજણ,સુરત-૩૯૫૦૦૯.
ફોન નં.: ૦૨૬૧-૨૭૩૩૮૨૫
ક્રમાંકઃ માહિતી-સૂરત/૫૩૮/૨૦૨૬

-:S.D.:-
નાયબ વન સંરક્ષક
સુરત.

**આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર**

**નિયામક, આદિજાતિ વિકાસની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

**ભારત સરકાર / રાજ્ય સરકારની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓનો Online અમલ કરવા બાબત**

નિયામક, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ખાતા હસ્તકની નીચે મુજબની યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત https://www.digitalgujarat.gov.in) કરવામાં આવે છે. મૂળ ગુજરાત રાજ્યના ધોરણ ૧૧-૧૨, ડિપ્લોમા, આઇ.ટી.આઈ., સ્નાતક, અનુસ્નાતક, પી.એચ.ડી સુધીના સરકાર માન્ય અભ્યાસક્રમોમાં રાજ્યમાં આવેલ સરકાર-માન્ય ઉચ્ચ માધ્યમિક શાળાઓ/યુનિવર્સિટીઓ/કોલેજો/સંસ્થાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને કે જેઓ રાજ્ય સરકારશ્રીનીMYSY મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના કે અન્ય કોઇ યોજનામાં લાભ ન લેવાના હોય તેવા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ પાસેથી અગાઉના વર્ષની જેમ ચાલુ શૈક્ષણિક વર્ષ : ૨૦૨૬-૨૭માં શિષ્યવૃત્તિ/સહાય માટે ઓનલાઇન અરજીઓ મગાવવામાં આવે છે.

1. Umbrella Scheme for Education of ST Students Post-Matric Scholarships
1A. Umbrella Scheme for Education of ST Students Post-Matric Scholarships (Freeship Card Students Only)
2. Post Matric Scholarship for ST Girls (Having annual Family Income more than 2.50 Lac)
2A. Post-Matric Scholarship For ST Girls (Having annual family income more than 2.50 Lac) (Freeship Card/ Medical Loan Student Only)
3. Post Matric Scholarship for ST Boys Students Only (Having annual family income between 2.50 to 6.00 Lac) (State Government Scheme) (VKY-8)
3A. Post Matric Scholarship for ST Boys Students Only (Having annual family income between 2.50 to 6.00 Lac) (State Government Scheme) (VKY-8) (Freeship card students only)
4. Food Bill Assistance to ST Students
5. Financial Assistance to Purchase of Instruments for Medical and Engineering Students

અત્રે જણાવતા આનંદ થાય છે કે, અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ કે જેઓની કૌટુંબિક આવક વાર્ષિક રૂ.૨.૫૦ લાખથી રૂ.૬.૦૦ લાખ સુધીની હોય તેઓ માટે રાજ્ય સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ થી નવી યોજના શરૂ કરેલ છે. આ યોજનાની અમલવારી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી કરવામાં આવનાર છે, જેમાં વર્ષ ૨૦૨૬-૨૭ થી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ આદિજાતિના કુમાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ મળવાપાત્ર થશે. પાત્રતા માટે ભારત સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અને તે સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા વખતો વખત જાહેર કરેલ સુચનાઓ મુજબ લાભાર્થી તરીકેની પાત્રતા પૂર્ણ કરતા હોય તેમને આ યોજના હેઠળ શિષ્યવૃત્તિનો લાભ મળવાપાત્ર રહેશે. આ યોજના માટે ફ્રી શીપ કાર્ડની સુવિધાનો લાભ પણ મળવાપાત્ર થશે.

ઉક્ત યોજનાઓ અંતર્ગત શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૬-૨૭ માટે મૂળ ગુજરાત રાજ્યના ધોરણ ૧૧-૧૨ ડિપ્લોમા, આઇ.ટી.આઇ., સ્નાતક, અનુસ્નાતક, પી.એચ.ડી સુધીના સરકાર માન્ય અભ્યાસક્રમોમાં રાજ્યમાં આવેલ સરકાર-માન્ય ઉચ્ચ માધ્યમિક શાળાઓ/ યુનિવર્સિટીઓ/કોલેજો/સંસ્થાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ/સહાય મેળવવા માટે તા.૦૧/૦૯/૨૦૨૬ થી તા.૩૦/૧૧/૨૦૨૬ સુધીમાં વેબસાઇટ https://www.digitalgujarat.gov.in પર Online અરજીઓ કરવા જણાવવામાં આવે છે.


વિદ્યાર્થીઓ માટે સુચનાઓ :

1. તમામ વિદ્યાર્થીએ ફોર્મ ભરતા પહેલાં તેમનું બેંક એકાઉન્ટ આધાર સાથે લિંક સિડિંગ enable ફોર ડીબીટી) છે કે નહિ તેની ખાતરી કર્યા બાદ જ ફોર્મ ભરવાનું રહેશે.
2. દરેક વિદ્યાર્થીએ તેનો મોબાઈલ નંબર આધાર સાથે લિંક કરવાનો રેહશે
3. વિદ્યાર્થીએ તેનું બેંક એકાઉન્ટ નંબર ડોર્મન્ટ, ઇનઓપરેટિવ કે ઇનેક્ટિવ ના થાય તેનું ધ્યાન રાખવાનું રહેશે તેમજ પી.પી.એફ., સુકન્યા નિધિ, જનધન એકાઉન્ટ (વધારે રકમ માટે) કે એફ.ડી. એકાઉન્ટનો ઉપયોગ કરવાનો રહેશે નહિ.
4. પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાઓ અન્વયે આપવામાં આવતા ફ્રી-શીપ કાર્ડ ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭ થી ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી મેળવવાના રહેશે. ફ્રી-શીપ કાર્ડ મેળવવાથી જે-તે સંસ્થામાં વિદ્યાર્થી પોતાનો પ્રવેશ સુનિશ્ચિત કરી શકશે, પરંતુ શિષ્યવૃત્તિ મેળવવા માટે તેને ફરજિયાત પોર્ટલ શિષ્યવૃત્તિની અરજી પણ અચૂક કરવાની રહેશે. જો વિદ્યાર્થી શિષ્યવૃત્તિ માટે અરજી નહી કરે તો તેને શિષ્યવૃત્તિ મળશે નહી. જેની ખાસ નોંધ લેવી.

માહિતી/૧૨૬૯/૨૦૨૬-૨૭

આશિષ કુમાર (I.A.S.)
નિયામક
આદિજાતિ વિકાસ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર


# સોનિયા ગાંધીની આત્મકથા તેમનાં જીવનનાં ભેદી પાસાંઓ ઉપર પ્રકાશ પાડશે?



**ટુ ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪**

ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીનાં પત્ની સોનિયા ગાંધીએ સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં પ્રભુત્વ ધરાવતા જૂનામાં જૂના રાજકીય પક્ષનું સુકાન સંભાળતા પહેલાં ઘણાં વર્ષો સુધી પ્રસિદ્ધિના પ્રકાશથી દૂર રહેવાનો પ્રયાસ કર્યો હતો. ૧૯૮૦ના દાયકામાં બોફોર્સના કૌભાંડને કારણે રાજીવ ગાંધીને રાજીનામું આપવાની ફરજ પડી ત્યારે સોનિયા ગાંધીનાં નામ આગળ રહસ્યનાં જાળાં બાઝી ગયાં હતાં, કારણ કે બોફોર્સ કૌભાંડના તાર સોનિયા ગાંધીના વતન ઇટાલીના વતની ઓક્ટોવિયો ક્વોટ્રોચી સાથે જોડાયેલા હતા. ભાજપ સહિતના વિપક્ષો સોનિયા ગાંધીનો ઉલ્લેખ ઇટાલીની રહસ્યમય ભૂતપૂર્વ બાર ડાન્સર તરીકે કરી તેમનો તિરસ્કાર કરતા હતા.

રાજીવ ગાંધીની હત્યા પછી સોનિયા ગાંધી સક્રિય રાજકારણમાં કૂદી નહોતા પડ્યાં પણ તેમણે સીતારામ કેસરીને કોંગ્રેસના અધ્યક્ષ બનાવ્યા હતા. ૧૯૯૮માં જ્યારે સોનિયા ગાંધી ભારતના મુખ્ય વિરોક્ષ કોંગ્રેસનાં પ્રમુખ બન્યાં ત્યારે તેમના વિશે બહુ ઓછી વાતો જાણીતી હતી. તે સમયે તેમને ક્રમને રાજકારણમાં આવેલાં નેતા તરીકે જોવામાં આવતાં હતાં. ૨૦૦૪માં યુપીએની સરકાર કેન્દ્રમાં આવી ત્યારે સોનિયા ગાંધી વડાં પ્રધાનના હોદ્દા વગર પણ દેશનાં સૌથી શક્તિશાળી રાજકારણી બની ગયાં હતાં. તે દસ વર્ષના ગાળામાં ડો. મનમોહન સિંહ ભલે ભારતના વડા પ્રધાન હતા; પણ રિમોટ કન્ટ્રોલ તો સોનિયા ગાંધીના હાથમાં જ રહેતું હતું.

સોનિયા ગાંધીનું અંગત જીવન અનેક દુર્ઘટનાઓ અને ઉથલપાથલથી ભરેલું રહ્યું છે. તેમનું જીવન ઇટાલીના એક નાના શહેરમાં તેમના બાળપણથી શરૂ થાય છે અને પછી ભારતીય રાજકારણના કેન્દ્રમાં તેમના અણધાર્યા ચઢાણથી આગળ વધતું દેખાય છે. જ્યારે તેમનાં સાસુ અને તત્કાલીન વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીને તેમના સુરક્ષા ગાર્ડ દ્વારા ગોળી મારી દેવામાં આવી હતી, ત્યારે તેઓ તેમને હોસ્પિટલમાં લઈ ગયાં હતાં. સાત વર્ષ પછી એક આત્મઘાતી બોમ્બરે તેમના પતિ રાજીવ ગાંધીની હત્યા કરી નાખી ત્યારે સોનિયા ગાંધી તેમના મૃતદેહને ઘરે લાવ્યા હતા. ત્રણ દાયકા પછી રાજકારણમાં અનિચ્છા ધરાવતી વ્યક્તિથી દેશના સૌથી જૂના રાજકીય પક્ષના સૌથી શક્તિશાળી નેતા બનવા સુધીની સફર પછી સોનિયા ગાંધી હવે પોતાની કથા કહી રહ્યાં છે.

શ્રીમતી સોનિયા ગાંધીની આત્મકથા 'બિલોંગિંગઃ અ જર્ની ઓફ લવ' નવેમ્બરમાં પ્રકાશિત થશે. તે અમેરિકામાં આલ્ફ્રેડ એ. નોફ અને યુકેમાં વિલિયમ કોલિન્સ દ્વારા પ્રકાશિત કરવામાં આવશે. ભારતમાં પ્રકાશન પહેલા જ આ પુસ્તકની ખૂબ ચર્ચા થઈ રહી છે. આલ્ફ્રેડ એ. નોફ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં સોનિયા ગાંધીએ કહ્યું કે તેઓ ઇચ્છે છે કે આ સંસ્મરણ મારા હૃદયની સફરનું સાક્ષી બને, જેમાં મારા જીવનના આનંદ અને સૌથી ઊંડી નિરાશાઓનો સમાવેશ થાય છે. વિલિયમ કોલિન્સના મતે આ પુસ્તક ૧૯૬૫માં કેમ્બ્રિજમાં શરૂ થાય છે, જ્યારે ૧૯ વર્ષની ઇટાલિયન વિદ્યાર્થીની સોનિયા મૈનો ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુના પૌત્ર રાજીવ ગાંધીના પ્રેમમાં પડે છે. સોનિયા ગાંધી તેમના જીવનને નિખાલસતાથી જુએ છે.

વાચકોને ફક્ત એ વાર્તામાં જ રસ નહીં હોય કે કેવી રીતે એક યુવાન વિદેશી મહિલા ભારતના સૌથી શક્તિશાળી રાજકીય પરિવારનો ભાગ બની, પરંતુ તેઓ આધુનિક ભારતીય રાજકારણના કેટલાક સૌથી મોટા અનુત્તરિત પ્રશ્નોના જવાબો પણ તેમાં શોધશે. સોનિયા ગાંધીને રાજકારણમાં કઈ ચીજે આકર્ષિત કર્યાં? આઠ વર્ષ સત્તાથી દૂર રહ્યા પછી ૨૦૦૪ માં કોંગ્રેસ સત્તામાં પાછી આવી ત્યારે પડદા પાછળ શું બન્યું? સૌથી મોટું રહસ્ય કદાચ એ છે કે સોનિયા ગાંધીએ તેમના પક્ષ અને સાથી પક્ષોનો ટેકો હોવા છતાં, તેમણે વડાં પ્રધાનપદનો ઇનકાર કર્યો અને તેના બદલે ભારતના આર્થિક ઉદારીકરણના પિતા મનમોહન સિંહને વડા પ્રધાન તરીકે પસંદ કર્યા. શું તેમને ડર હતો કે તેમની વિદેશી પૃષ્ઠભૂમિ તેમની સરકારને કાયમ માટે નબળી પાડશે?

પત્રકાર અને લેખિકા નીરજા ચૌધરી કહે છે કે મને લાગે છે કે આ સૌથી મોટો અનુત્તરિત પ્રશ્ન છે. તેઓ સરળતાથી વડા પ્રધાન બની શક્યા હોત. તેમને તેમના પક્ષ અને સાથી પક્ષોનો સંપૂર્ણ ટેકો હતો, અને રાષ્ટ્રપતિ કાર્યાલય પાસે તેમને સરકાર બનાવવા માટે આમંત્રણ આપતો પત્ર તૈયાર હતો. કોંગ્રેસના ભૂતપૂર્વ નેતા અને વિદેશ મંત્રી નટવર સિંહે પોતાનાં સંસ્મરણોમાં લખ્યું છે કે સોનિયા ગાંધીના પુત્ર રાહુલ ગાંધી તેમની માતાને વડાં પ્રધાન બનવાનો સખત વિરોધ કરતા હતા. તેમને ડર હતો કે તેમનું પણ તેમના દાદી અને પિતા જેવું જ પરિણામ આવશે. કદાચ આગળ જતાં તેમની પણ હત્યા કરી નાખવામાં આવશે. નટવર સિંહ લખે છે કે જ્યારે રાહુલે કહ્યું કે તેઓ સોનિયાને રોકવા માટે બધાં શક્ય પગલાં લેવા તૈયાર છે ત્યારે મામલો પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. ભાજપના કેટલાક નેતાઓએ તો સોનિયા ગાંધી વડાં પ્રધાન બને તો દેશવ્યાપી પ્રચંડ આંદોલન કરવાની જાહેરાત કરી દીધી હતી. શું કોંગ્રેસનું મોવડીમંડળ તેનાથી ડરી ગયું હતું? શું સોનિયા ગાંધી તે સમયે ભારતના નાગરિક નહોતાં? શું સોનિયા ગાંધીનાં સંસ્મરણો તે અસાધારણ નિર્ણય પર નવો પ્રકાશ પાડશે અથવા પડદા પાછળ શું બન્યું તેનું સંપૂર્ણપણે અલગ વર્ણન રજૂ કરશે?

સોનિયા ગાંધી રાજકારણમાં કેમ પ્રવેશ્યાં? તે પ્રશ્નનો ઉત્તર પણ કદાચ તેમની આત્મકથામાંથી મળશે. તેમણે વર્ષો સુધી સક્રિય રાજકારણથી અંતર જાળવી રાખ્યું હતું. ૧૯૯૧માં રાજીવ ગાંધીની હત્યા પછી તેઓ મોટા ભાગે જાહેર જીવનથી દૂર રહ્યાં હતાં. પછી એવી દુઃખદ ઘટનાઓ બની હતી કે જેના કારણે રાજકારણમાં તેમની સફર શરૂ થઈ હતી. ૧૯૯૦ના દાયકામાં કોંગ્રેસે ચૂંટણીમાં સતત નબળું પ્રદર્શન કર્યા પછી તેઓ ૧૯૯૭માં પાર્ટીમાં જોડાયાં હતાં અને એક વર્ષ કરતાં પણ ઓછા સમયમાં તેનાં પ્રમુખ બન્યાં હતાં. તે સમયે, તેમના હરીફોએ તેમને નકારી કાઢ્યા હતા. ડિસેમ્બર ૧૯૯૮માં ઇન્ડિયા ટુડેએ અહેવાલ આપ્યો હતો કે અગ્રણી વિપક્ષી રાજકારણીઓ તેમને ઇટાલિયન અજાયબી સિવાય બીજું કંઈ કહેતા નહોતા. તેમ છતાં થોડા મહિનામાં તેમણે કોંગ્રેસમાં પરિવર્તન લાવવાનું શરૂ કરી દીધું હતું. કોંગ્રેસના એક નેતાએ સ્વીકાર્યું કે મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે આ મહિલા આટલી મોટી ઉથલપાથલ કરી શકે છે.

કેટલાક અસ્વસ્થતાભર્યા પ્રશ્નો પણ છે. શું તેઓ પોતાની આત્મકથામાં બોફોર્સ કૌભાંડની ચર્ચા કરશે, જેણે રાજીવ ગાંધીની સરકારને ભારે નુકસાન પહોંચાડ્યું હતું અને ઇટાલિયન ઉદ્યોગપતિ ઓક્ટોવિયો ક્વાટ્રોચી સાથે પરિવારના સંબંધો પર દાયકાઓ સુધી વિવાદ ઊભો કર્યો હતો? શું તે આરોપોની ફરી સમીક્ષા કરશે અને તે જે જાણતી હતી તે જાહેર કરશે? અને તેમના ઇટાલિયન મૂળ અંગેના હોબાળા વિશે શું? ઘણાં વર્ષો સુધી સોનિયા ગાંધીની ટીકા એ આધાર પર કરવામાં આવી હતી કે તેઓ વિદેશી હતાં અને ભારતનું નેતૃત્વ કરવા માટે યોગ્ય નહોતાં. ભાજપનાં નેતા સુષ્મા સ્વરાજે ૨૦૦૪ માં જાહેર કર્યું હતું કે વિદેશી મૂળના વ્યક્તિને વડા પ્રધાન બનાવવું એ રાષ્ટ્રનું અપમાન હશે. જો સોનિયા ગાંધી વડા પ્રધાન બને તો તેમણે રાજીનામું આપવાની, માથું મુંડાવવાની, સફેદ કપડાં પહેરવાની અને સંન્યાસીનું જીવન જીવવાની પ્રતિજ્ઞા લીધી હતી.

પત્રકાર અને લેખક રાશિદ કિડવાઈ કહે છે કે ૧૯૯૯માં કેટલાક કોંગ્રેસ નેતાઓએ તેમના વિદેશી મૂળ પર સવાલ ઉઠાવ્યા હતા. શું તેમણે ક્યારેય દેશ છોડવાનું વિચાર્યું હતું? રાજકીય નિરીક્ષકોને પણ આશ્ચર્ય થાય છે કે શું આ પુસ્તક ૨૦૦૪ અને ૨૦૧૪ વચ્ચે કોંગ્રેસની આગેવાની હેઠળની સરકારના વિરોધાભાસો પર પ્રકાશ પાડી શકશે. સોનિયા ગાંધીના નેતૃત્વ હેઠળ, કોંગ્રેસે સતત બે રાષ્ટ્રીય ચૂંટણીઓ જીતી હતી. તેમ છતાં તેનો બીજો કાર્યકાળ ભ્રષ્ટાચારના આરોપોથી પ્રભાવિત રહ્યો હતો. સોનિયા ગાંધીના ટીકાકારો તેમને ડો. મનમોહન સિંહની સરકારનું રિમોટ કંટ્રોલ કહેતા હતા.

તેમને શંકા હતી કે મનમોહન સિંહ પર તેમનું ભેદી નિયંત્રણ છે. તેમના સમર્થકો તેમને એક મુશ્કેલ ગઠબંધનને ચલાવનાર રાજકીય તાકાત તરીકે જોતા હતા. સોનિયા ગાંધીએ આખરે ૨૦૧૭ માં કોંગ્રેસની કમાન તેમના પુત્ર રાહુલ ગાંધીને સોંપી દીધી. ઘણા લોકો માને છે કે પાર્ટીને પુનર્જીવિત કરવામાં તેમની નિષ્ફળતા ગાંધી પરિવારના પતનની વાર્તાનું કેન્દ્રબિંદુ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**પત્રકાર અને લેખક રાશિદ કિડવાઈ કહે છે કે ૧૯૯૯માં કેટલાક કોંગ્રેસ નેતાઓએ તેમનાં વિદેશી મૂળ પર સવાલ ઉઠાવ્યા હતા. શું તેમણે ક્યારેય દેશ છોડવાનું વિચાર્યું હતું?**


**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

CIN U40102GJ2003SGC042909
નવસારી ગ્રામ્ય વિભાગીય કચેરી,
કબીલપોર (ગ્રીડ),નવસારી

ડીજીવીસીએલ ટોલ ફ્રી નંબરઃ- ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ સમય અને તારીખના રોજ સબ-સ્ટેશનનું/ફિડરનું અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પુરવઠો બંધ રહેશે. જેની તમામ વીજ વપરાશ કરનાર ગ્રાહકોને નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | સબ- સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેંન્ટર નં. | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી મરોલી | ૧૧ કેવી ડાયમંડ આઇકોનિક ઇન્ડસ્ટ્રીયલ ફીડર | મરોલી | ૮૯૮૦૮૦૩૯૩૯ | ૦૨.૦૯.૨૦૨૬ / બુધવાર | ૧૦:૩૦ થી ૧૩:૩૦ કલાક |
| ૨ | | ૧૧ કેવી ડાભેલ જેજીવાય | | | | |
| ૩ | | ૧૧ કેવી પડઘા એજી | | | | |
| ૪ | | ૧૧ કેવી ONGC URBAN | | | | |
| ૫ | | ૧૧ કેવી મનીષ એચટી એક્સપ્રેસ | | | | |
| ૬ | | ૧૧ કેવી કાલાકાછા એજી | | | | |

નોંધઃ- જો કામ વહેલું પુરું થશે તો અગાઉથી ખબર આપ્યા વિના વિજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે.

કાર્યપાલક ઈજનેર (સં અને નિ) નવસારી ગ્રામ્ય વિભાગીય કચેરી

"એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો"